GJSR100002812026

# મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, ઉમરપાડા, જિ.સુરત.

**ક્રિમીનલ કેસ નં. ૨૬૪/ ૨૦૨૬**

**આંક – ૦૫**

ફરીયાદીઃ **સ્ટેટ ઓફ ગુજરાત**

વિરુધ્ધ

આરોપીઃ **રાકેશભાઈ સીંગાભાઈ વસાવા**
**રહે. દરદા ગામ, પટેલ ફળીયું, તા. ઉમરપાડા, જિ.સુરત.**

**ગુનો – મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી કલમ–૬૬(૧)બી મુજબ**

**:: ઠરાવ ::**

(૧) આ કામના ફરીયાદી પક્ષના કેસ મુજબ આરોપી એ બનાવ સમયે ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ પી ચલાવી એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ હોય આરોપીને અટક કરી પોલીસ સ્ટેશન તરફથી ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે. આરોપી હાલમાં જામીન પર મુક્ત છે. આરોપી કોર્ટમાં હાજર હોય કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ ગુના કબૂલાત પુરશીષ આપી ગુનાની સ્વૈચ્છીક કબૂલાત કરેલ છે. અને તેની સદરહુ ગુના અંગે જવાબ લેવામાં આવેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. અને આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. તેથી આ કેસના તમામ સંજોગોમાં લક્ષમાં લઈ હું નીચે મુજબ હુકમ કરું છું.

(૨) આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં તેમજ તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ ડો.જે.એન.ભટ્ટ સાહેબે ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯) ઉપર આપેલ સમજૂતી મુજબ આરોપીને હાલના ગુના સબબ સજાની જોગવાઈમાં ન્યુનતમ સજા નિયત કરેલ ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ હું માનું છું. આરોપીઓ સામેના ગુનાને તેમજ રજૂઆતને લક્ષમાં લેતાં, આરોપીને તેની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહ્યા જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# :: હુકમ ::

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સહીંતાની કલમ–૨૭૫ મુજબ એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ ફરમાવવામાં આવે છે.
- જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો આરોપીને દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ વાહન આરોપીની ખરાઈ કરી પરત સોંપી આપવું. સબંધિત પો. સ્ટેને હુકમની જાણ કરતી યાદી કરવી.

આજ રોજ **તા.૧૧મી, માહે. જુલાઈ,સને ૨૦૨૬**ના રોજની **નેશનલ લોક અદાલત**ની સ્પેશીયલ સીંટીંગમાં હુકમ જાહેર કર્યો.

સ્થળઃ ઉમરપાડા

તા. ૧૧/૦૭/૨૦૨૬

(વી.એન.પટેલ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરપાડા,
કોડ નં. - જીજે૦૧૭૬૬

આરોપી પાસે દંડ પેટે રૂપિયા અંકે એક હજાર પુરા આજરોજ તારીખ ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ સ્વીકારેલ છે.

રજીસ્ટ્રાર(કમ નાઝર), સિવિલ કોર્ટ, ઉમરપાડા,